વ્યાજદરમાં વધુ ઘટાડાનો સંકેત

નવીદિલ્હી,તા. ૧૬

આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજને નવા વર્ષમાં રેટમાં કાપ મુકવાની એક પ્રક્રિયા શરૂ કરી દીધી છે. આ પ્રક્રિયા યથાવતરીતે જારી રહે તેવી શક્યતા છે. આનાથી વિકાસને વેગ મળે તેવી શક્યતા છે. રાજને સ્પષ્ટતા કરી દીધી છે કે, તેઓ ૨૦૧૫-૧૬ના બજેટમાં નાણાંકીય મજબૂતિ પ્રત્યે સરકારની કટિબદ્ધતા જાહેર કરવાની ઈચ્છા ધરાવે છે. માર્ચ મહિનામાં વ્યાજદરમાં ફરીવાર સુધારો થાય તેવી શક્યતા છે. રાજને કહ્યું હતું કે, તેઓ રેટમાં કાપને લઈને આશાવાદી બન્યા છે. રેટમાં કાપ મુકવામાં આવ્યા બાદ જુદી જુદી બેંકો દ્વારા જોરદાર પ્રતિસાદ આપવામાં આવ્યો છે. જૂન મહિના બાદથી ક્રૂડની કિંમતમાં ૫૫ ટકા સુધીનો ઘટાડો થઈ ચુક્યો છે. રિટેલ અને હોલસેલ ફુગાવા બંનેમાં સુધારો થયો છે. ખાદ્યાન્ન ચીજવસ્તુઓ ઉપર દબાણ ઘટી રહ્યું છે. સપ્લાયની સ્થિતિ ખુબ સારી રહી છે. અગાઉ જુદા જુદા વર્ગોની માંગણી તરફ ધ્યાન નહીં આપનાર રાજને એકાએક વ્યાજદરમાં ઘટાડો કરીને તમામને ચોંકાવી દીધા છે. તેલ કિંમતો હાલમાં હળવી રહે તેવી શક્યતા છે. રિઝર્વ બેંકને ટાર્ગેટને લઈને પણ ચર્ચા છે. વ્યાજદરમાં કાપનો સિલસિલો હજુ જારી રહે તેવી શક્યતા છે. રાજને પહેલાથી જ સરકાર સામે કેટલીક રૂપરેખા તૈયાર કરી લીધી છે જેમાં નાણાંકીય મજબૂતિ અંગે પારદર્શક રુપરેખાનો સમાવેશ થાય છે. નાણાપ્રધાન અરુણ જેટલી પણ કહી ચુક્યા છે કે, બજેટ રજૂ કરવાની બાબત સરળ નથી. વધુ રેટ કાપ માટેનો માર્ગ હવે મોકળો થયો છે. સુધારાની ગતિ પણ આગળ વધે તેવો સંકેત જેટલી આપી ચુક્યા છે.

નિશાન કોમ્પેક્ટ ફેમિલી કાર લોંચ કરવામાં આવી

નવીદિલ્હી, તા. ૧૬

નિશાન દ્વારા નવી ફેમિલી કાર લોંચ કરી દેવામાં આવી છે. દટસન

ગો પ્લસ કાર લોંચ કરવામાં આવી છે જેની કિંમત ૩.૭૯થી ૪.૬૧ લાખ રૂપિયા રાખવામાં આવી છે. દટસને કોમ્પેક્ટે એમપીવી લોંચ કરી દીધી છે. પ્રથમ વખત મોટી કાર ખરીદવા ઈચ્છુક લોકો તરફ નજર કેન્દ્રીત કરવામાં આવી છે. નિશાન મોટર ઈન્ડિયાની એન્ટ્રીલેવલની કાર બ્રાન્ડ દટસનને ગણવામાં આવે છે. મારુતિ સુઝુકીની સૌથી વધુ વેચાતી કાર અલ્ટોની સામે ટક્કર લેવા હિલચાલ હાથ ધરી છે. ગો પેટ્રોલ એન્જિનના વિકલ્પમાં હાલમાં ઉપલબ્ધ રહેશે.

સાઝિયા ઈલ્મી ભાજપમાં સામેલ

નવીદિલ્હી,તા. ૧૬

આમ આદમી પાર્ટીની ટિકિટ ઉપર છેલ્લી

ચૂંટણીમાં પરાજિત થયેલી શાઝિયા ઈલ્મી આજે ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થઈ ગઈ છે. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. કિરણ બેદી ભાજપમાં જોડાયાના એક દિવસ બાદ શાઝિયા ઈલ્મી પણ આજે ભાજપમાં જોડાઈ ગઈ હતી. શાઝિયા ઈલ્મીને અરવિંદ કેજરીવાલની મહત્વપૂર્ણ સાથી તરીકે ગણવામાં આવે છે. આ પ્રસંગે સંગીતકાર આનંદરાજ આનંદ પણ ભાજપમાં સામેલ થઈ ગયા છે. શાઝિયા ઈલ્મીએ દિલ્હીની ભાજપ ઓફિસમાં પાર્ટી દિલ્હી એકમના અધ્યક્ષ સતીષ ઉપાધ્યાય અને દિલ્હી ઈન્ચાર્જ પ્રભાત ઝાની હાજરીમાં ખેસ પહેરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત ભાજપના નેતાઓની હાજરીમાં ઈલ્મીએ કહ્યું હતું કે, તે જીવનભર ભાજપમાં સામેલ થઈ છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, તેઓ ચૂંટણી લડવા ઈચ્છુક નથી. તેમને આશા છે કે, સંગઠન તેમની ઈચ્છાનું સન્માન કરશે. ઈલ્મીએ કહ્યું હતું કે, તેઓ અગાઉ ભાજપ વિરોધી નિવેદન કરી ચુક્યા છે પરંતુ હવે તેઓ નરેન્દ્ર મોદીને એક નવી નજરથી જોઈ રહ્યા છે. આ અગાઉ સવારે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહને મળ્યા બાદ શાઝિયાએ મિડિયા સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, તેઓ ભાજપમાં સામેલ થઈ રહ્યા છે. શાઝિયા ભાજપ પ્રમુખ અમિત શાહને મળવા માટે તેમના આવાસ ઉપર પહોંચી હતી. મુલાકાત બાદ તેમણે કહ્યું હતું કે, ખુબ સારી વાતચીત થઈ છે. તેમનું જોરદાર સ્વાગત થયું છે. શાઝિયાએ અગાઉ આઈપીએસ ઓફિસર કિરણ બેદીના ભાજપમાં સામેલ થવાને લઈને ખુશી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે, વહીવટનો તેમને ખુબ લાંબો અનુભવ છે. કિરણ બેદી શાનદાર વહીવટીકાર તરીકે રહ્યા છે જેનાથી પાર્ટીને ફાયદો થશે. તેમણે કહ્યું હતું કે લોકો કહી રહ્યા છે કે, ભાજપનો આ માસ્ટર સ્ટ્રોક છે. તેમને પણ એવું જ લાગી રહ્યું છે. શાઝિયા ભાજપમાં સામેલ થતા ભાજપની તાકાતમાં સતત વધારો થઈ રહ્યો છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત થઈ ચુકી છે.

કેજરીવાલ સામે સીધી રીતે ટક્કર લેવા તૈયાર : કિરણ બેદી

નવીદિલ્હી,તા. ૧૬

ભાજપમાં સામેલ થયાના એક દિવસ બાદ આજે કિરણ બેદીએ જાહેરાત કરી હતી કે, તેઓ એએપીના નેતા અરવિંદ કેજરીવાલ સામે ચૂંટણી મેદાનમાં ઉતરવાથી કોઈ ખચકાટ અનુભવ કરશે નહીં. બેદીએ કહ્યું હતું કે તેઓ તેમના મતવિસ્તારમાં કેજરીવાલ સામે સીધી ટક્કર લેવા માટે તૈયાર છે. કિરણ બેદીના આ નિવેદન બાદ એમ માનવામાં આવે છે કે, હવે કેજરીવાલની સાથે કિરણ બેદીની સીધી ટક્કર રહેશે. બેદી ચૂંટણી મેદાનમાં ઉતરવા માટેની તૈયારી કરી ચુક્યા છે. દરમિયાન ભાજપ પ્રમુખ અમિત શાહે કહ્યું હતું કે, એએપીના નેતા અરવિંદ કેજરીવાલ સામે ટક્કર લેવા મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે કિરણ બેદીને જાહેર કરવામાં આવશે કે કેમ તે અંગે નિર્ણય લેવા ટૂંકમાં ભાજપ સંસદીય બોર્ડની બેઠક મળશે જેમાં અંતિમ નિર્ણય કરાશે. પ્રતિષ્ઠિત સ્પર્ધા માટે ભાજપની આ રણનીતિ અસરકારક સાબિત થઈ શકે છે.સંસદીય બોર્ડ દ્વારા અંતિમ નિર્ણય લેવામાં આવશે. અમિત શાહે આ મુજબની પ્રતિક્રિયા આપીને નવી ચર્ચા છેડી દીધી છે. સંસદીય બોર્ડની બેઠકને લઈને હવે ગણતરી શરૂ થઈ છે. પૂર્વ અધિકારી ખુબ જ આક્રમક સાબિત થઈ શકે છે. કિરણ બેદી ખુબ જ અસરકારક યોગદાન આપી શકે છે. એવી શક્યતા છે કે, ૧૯મી જાન્યુઆરીના દિવસે ભાજપ સંસદીય બોર્ડની બેઠકમાં કિરણ બેદીના નામની જાહેરાત થઈ શકે છે. કિરણ બેદીએ પણ આજે વાતચીતમાં મુખ્યમંત્રી પદના ઉમેદવાર અંગે સંકેત આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે, તેમની લીડરશીપમાં નિસ્વાર્થ સેવા રહેશે. જો કે તેમણે એમ પણ કહ્યું હતું કે,આ અંગે અંતિમ નિર્ણય ભાજપ સંસદીય બોર્ડ કરશે. ભાજપ દિલ્હીમાં સ્થિર અને મજબૂત સરકાર આપી શકે છે. દેશની એકમાત્ર એવી પાર્ટી છે જે દેશના વિકાસ અને કલ્યાણ માટે કામ કરી શકે છે. આજ કારણસર ભાજપમાં જોડાયા છે. બેદીએ કહ્યું હતું કે, તેઓ સમયની કિંમત જાણે છે. તમામને મળીને આગળ વધવાની તેમની ઈચ્છા છે.

રેલવે દ્વારા વધુ ત્રણ રૂટ પર પણ બુલેટ ટ્રેન

નવી દિલ્હી,તા. ૧૬

મુંબઈ-અમદાવાદ વચ્ચે બુલેટ ટ્રેનને લઈને ઝડપથી તમામ કામગીરી આગળ વધી રહી રહી છે. હવે રેલવે દ્વારા વધુ ત્રણ રૂટ પર પણ બુલેટ ટ્રેન દોડાવવા માટેની તૈયારી હાથ ધરી છે. એકબાજુ ભારતીય રેલવે દ્વારા મુંબઈ-અમદાવાદ રૂટ પર વિસ્તૃત પ્રોજેક્ટ રિપોર્ટ પર કામ કરવામાં આવી રહ્યું છે.જે નવા ત્રણ રૂટ પર બુલેટ ટ્રેનની હિલચાલ ચાલી રહી છે તેમાં મુંબઈથી નવી દિલ્હી, ચેન્નાઈથી મુંબઈ અને નવી દિલ્હીથી કોલકત્તાનો સમાવેશ થાય છે. જો કે હાલમાં કોલકત્તાથી ચેન્નાઈ રૂટ માટે કોઈ દરખાસ્ત માંગવામાં આવી નથી. પ્રાપ્ત અહેવાલ મુજબ બુલેટ ટ્રેન પર જંગી રકમ ખર્ચ કરવામાં આવનાર છે. એક પ્રાથમિક અંદાજ મુજબ જ મુંબઈ-અમદાવાદ કોરિડોર માટે રેલવેને ૬૦ હજાર કરોડ રૂપિયાથી વધારેની જરૂર પડશે. રેલવે અધિકારી કેહે છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશના મુખ્ય શહેરોને અને વિકાસ કેન્દ્રોને ઝડપી ટ્રેન સાથે જોડવા માંગે છે. આ દિશામાં કામ થઈ રહ્યું છે. જો કે ચારેય મહાનગરને હાઈ સ્પીડ ટ્રેન સાથે જોડવા પર ભારે ખર્ચ કરવામાં આવશે. અટલ બિહારી વાજપેયીના સ્વર્ણિમ ચતુર્ભુજ રોડ નેટવર્કની જેમ જ હવે રેલવે દ્વારા બુલેટ ટ્રેન મારફતે હિરક ચતુર્ભુજ નેટવર્ક બનાવવા માટેની કવાયત હાથ ધરી છે. જે હેઠળ ભારતીય રેલવે હાલમાં બીજા ત્રણ રૂટ પર બુલેટ ટ્રેન દોડાવી શકાય છે કે કેમ તે માટે ફિજિબિલિટી અભ્યાસ માટે કંસલ્ટેન્સી કંપનીઓની પસંદગી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. સુત્રોએ કહ્યુ છે કે બુલેટ ટ્રેન નેટવર્ક તૈયાર કરવા માટે બનાવવામાં આવેલી રેલવેની કંપની હાઈસ્પીડ રેલ કોર્પોરેશને ત્રણ કોરીડોરના અભ્યાસ માટે ખાનગી કંપનીઓ પાસેથી સલાહકાર બનવા માટે અરજી મંગાવી છે. રેલવેના અધિકારીના કેહેવા મુજબ હાઈસ્પીડ રેલ કોર્પોરેશન દ્વારા ૧૯મી ફેબ્રુઆરી સુધી સેવા માટે અરજી માંગી છે. ત્યારબાદ ટૂંક સમયમાં કંસલ્ટન્ટની ફિજિબિલિટી અભ્યાસ માટે પસંદગી કરવામાં આવશે. ગયાવર્ષે બજેટમાં હાઈસ્પીડ રેલવે નેટવર્ક માટે ૧૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરાઈ હતી. આ અધિકારીના જણાવ્યા મુજબ, કન્સલટન્સીની પસંદગી બાદ અભ્યાસની કામગીરી શરૂ કરાશે. આ ત્રણેય કોરીડોર એ કોરીડોરથી અલગ છે. જે કોરીડોર પર પહેલાથી જ કામ ચાલી રહ્યું છે.

બીજા ત્રણ રૂટ કયા......

મુંબઈ-અમદાવાદ વચ્ચે બુલેટ ટ્રેનને લઈ તૈયારી ચાલી રહી છે ત્યારે અન્ય ત્રણ રૂટ ઉપર પણ બુલેટ ટ્રેન માટે કામગીરી હાથ ધરાઈ છે. જે મુજબ આ ત્રણ બુલેટ ટ્રેન નેટવર્ક નીચે મુજબ છે.

૧. મુંબઈથી નવી દિલ્હી

૨. મુંબઈથી ચેન્નાઈ શહેર

૩. નવી દિલ્હીથી કોલકત્તા શહેર

નોંધ : કોલકત્તાથી ચેન્નાઈ રૂટ માટે દરખાસ્ત નથી.

૧૨ વર્ષ અગાઉ ફાળવણી કરાઈ

લાલુ યાદવે તુગલક રોડ બંગલો અંતે ખાલી કર્યો

નવી દિલ્હી,તા. ૧૬

આરજેડીના વડા અને ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન લાલુ યાદવે અંતે તુગલક રોડ ખાતે આવેલા બંગલાને ખાલી કરી દીધો છે. ૧૨ વર્ષ અગાઉ લાલુ યાદવને આ બંગલાની ફાળવણી કરવામાં આવી હતી. મીડિયા અહેવાલમાં દાવો કરાયો છે કે, વીઆઈઆઈઆઈ બંગલો જુલાઈ ૨૦૦૨માં લાલુ યાદવને ફાળવવામાં આવ્યો હતો. એ વેળા લાલુ યાદવ રાજયસભામાં સભ્ય તરીકે હતા. આ બંગલો રાજયસભા માટે રાખવામાં આવ્યો છે. મોડેથી આમાં ફેરફારનો નિર્ણય કરાયો હતો. યુપીએ સરકારમાં કેન્દ્રીય પ્રધાન બન્યા બાદ લાલુ યાદવને આ ફાળવણી કરવામાં આવી હતી. નવેમ્બર ૨૦૧૩માં જ્યારે લાલુ યાદવને ગેરલાયક જાહેર કરવામાં આવ્યા ત્યારે બંગલાની ફાળવણી રદ કરવામાં આવી હતી. ઘાસચારા કૌભાંડ કેસમાં લાલુ યાદવ અપરાધિ જાહેર થયા હતા. જોકે, ફેબ્રુઆરી ૨૦૧૩માં લાલુ યાદવે બંગલાને જાળવી રાખવાનો નિર્ણય કર્યો હતો.

ઓક્ટોબર સુધી રદની તારીખથી એક વર્ષ માટે એક્સ્ટેન્સનનો નિર્ણય કરાયો હતો. લાલુ યાદવે યુપીએ સરકારને પત્ર લખીને આરોગ્યના આધાર પર ઘરમાં રહેવાની મંજુરી આપવા કહ્યું હતું. તેમણે એમપણ કહ્યં હતું કે, તેમની પૌત્રી દિલ્હીમાં અભ્યાસ કરી રહી છે. સરકાર બદલાયા બાદ ભાજપના નેતૃત્વમાં એનડીએ સરકારે બંગલો ખાલી કરી દેવા આરજેડીના વડાને કહ્યું હતું.

તમામ પક્ષો એકબીજાને પછાડવા માટે તૈયાર છે

નવી દિલ્હી,તા. ૧૬

દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત થયા બાદ તમામ રાજકીય પક્ષો એકબીજાને પછાડવાની ગણતરીમાં લાગી ગયા છે. દિલ્હીમાં ભાજપ અને એએપી વચ્ચે મુખ્ય સ્પર્ધા દેખાઈ રહી છે. દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ હવે ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયાને લઈને ઉત્તેજના જોવા મળી રહી છે. દલ્હીમાં ૭મી ફેબ્રુઆરીના દિવસે એક જ તબક્કામાં મતદાન યોજાશે જ્યારે મતગણતરીના ૧૦મી ફેબ્રુઆરીના દિવસે યોજાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી માટેના કાર્યક્રમની ૧૨મી જાન્યુઆરીના દિવસે જાહેરાત કરવામાં આવી હતી. ૨૦૧૩માં યોજાયેલી છેલ્લી ચૂંટણીમાં ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી હતી અને તેને ૩૧ બેઠકો મળી હતી.

તેજપાલની ટ્રાયલ પર ત્રણ સપ્તાહ સુધી સ્ટેનો આદેશ

નવીદિલ્હી,તા.૧૬

સુપ્રીમ કોર્ટે તહેલકાના સ્થાપક એડિટર તરુણ તેજપાલની ટ્રાયલ સામે સ્ટે મુકી દીધો છે. ત્રણ સપ્તાહ સુધી જુનિયર સાથી પર બળાત્કારના આક્ષેપો બદલ તેજપાલની ટ્રાયલ ઉપર સ્ટે મુકવામાં આવ્યો છે. તરુણ તેજપાલની અરજી ઉપર સુનાવણી ચલાવતી વેળા સુપ્રીમ કોર્ટે જરૂરી દસ્તાવેજો એકત્રિત કરવા ત્રણ સપ્તાહ માટેનો સમય તેમને આપ્યો હતો. એડવોકેટ સંદીપ કપૂર દ્વારા દાખલ કરવામાં આવેલી તેજપાલની અરજીમાં જણાવવામાં આવ્યું છે કે સેશન કોર્ટે કેટલાક કારણો આપેલા છે. એમા એવો પણ દાવો કરાયો હતો કે, પ્રોસીક્યુશને નક્કર પુરાવા રજૂ કરી શક્યા નથી. તરુણ તેજપાલ ગંભીર પ્રકારના આક્ષેપોનો સામનો કરી રહ્યા છે. તહેલકાના વડાએ



એડિશનલ સેશન જજ દ્વારા આપવામાં આવેલા ગયા વર્ષના ૨૩મી ડિસેમ્બરના આદેશના ઓપરેશન ઉપર સ્ટે મુકવાની માંગ કરી હતી. આરોપો ઘડવાની પ્રક્રિયા હવે ટૂંકમાં જ આગળ વધશે. સેશન જજે આરોપો ઘડવાની પ્રક્રિયા ઉપર દલીલો સાંભળવા આદેશ કર્યો હતો. તેજપાલ ઉપર ચાર્જશીટમાં બળાત્કાર, જાતિય સતામણી અને અન્ય ગંભીર પ્રકારના આક્ષેપો કર્યા હતા. ૩૦મી નવેમ્બર ૨૦૧૩ના દિવસે તેજપાલની ધરપકડ કરવામાં આવી હતી.

વચગાળાની જામીન ઉપર હાલ તેઓ બહાર છે. ૭મી નવેમ્બરના દિવસે ભોગ બનેલી યુવતીએ તેજપાલ ઉપર જાતિય સતામણીના આક્ષેપો કર્યા હતા. આગામી દિવસે ફરી ગુનો કરવાનો આક્ષેપ કર્યો હતો. વચગાળાની જામીન પર છોડી મુકતા પહેલા તેઓને ગોવાની વાસ્કો શહેરમાં સાદા સબ જેલમાં રાખવામાં આવ્યા હતા. તરુણ તેજપાલ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

સુનંદા હત્યા કેસમાં થરૂરની ટૂંકમાં પુછપરછના ભણકારા

નવીદિલ્હી, તા.૧૬

દિલ્હી પોલીસ કમિશનર બીએસ બસ્સીએ આજે સંકેત આપ્યો હતો કે, કોંગ્રેસના સાંસદ શશી થરુરની ટૂંક સમયમાં જ સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમ દ્વારા પૂછપરછ કરવામાં આવી છે કે, સ્પેશિયલ ઈન્વેટીગેશન ટીમ સુનંદા પુષ્કરના રહસ્યમય મોતના મામલામાં તપાસ કરી રહી છે. પત્રકારો સાથેની વાતચીતમાં બસ્સીએ કહ્યુંહતું કે, આગામી થોડાક દિવસોમાં તમામ ચાવીરુપ લોકોની અમારા દ્વારા પુછપરછ કરવામાં આવનાર છે. પુછપરછની પ્રક્રિયામાં ટૂંક સમયમાં જ પરિપૂર્ણ કરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, શશી થરુરની પણ આ કેસના સંબંધમાં પુછપરછ કરવામાં આવનાર છે. તેમણે એવા અહેવાલને રદિયો આપ્યો હતો કે, વીસકારા સેમ્પલો જે એક વર્ષ જુના થઈ ચુક્યા છે તે હવે ખરાબ થઈ ચુક્યા છે. આનાથી કારણ જાણી શકાશે નહીં. આ સેમ્પલો ખુબ જ સાવધાનીપૂર્વક રાખવામાં આવ્યા છે જ્યાં સુધી તેની સાથે ચેડા થશે નહીં ત્યાં સુધી અસરકારક રહેશે. બસ્સીએ કહ્યું હતું કે, સમગ્ર મામલામાં ઉંડી તપાસ ચાલી રહી છે. પોલીસ દ્વારા પણ ચકાસણી ચાલી રહી છે. સીટ દ્વારા ઉંડી ચકાસણીને લઈને પણ પ્રશ્નો થઈ રહ્યા છે. ૫૧ વર્ષીય સુનંદા ૧૭મી જાન્યુઆરી ૨૦૧૪ના દિવસે દક્ષિણ દિલ્હીમાં ફાઈવ સ્ટાર હોટલમાં પોતાના રૂમમાં મૃતહાલતમાં મળી આવી હતી. આના એક દિવસ પહેલા જ પાકિસ્તાની પત્રકાર મેહર તરાર સાથે તેની ઉગ્ર બોલાચાલી માઈક્રોબ્લોગિંગ વેબસાઈટ ટ્વિટર ઉપર થઈ હતી. સુનંદાએ આત્મહત્યા કરી ન હતી પરંતુ તેને ઝેર અપાયું હતું તેવો દાવો પોલી કરી રહી છે.

તોઈબાના ટોપ કમાન્ડર અબુની અટકાયત કરાઈ

જમ્મુ, તા. ૧૬

જમ્મુ કાશ્મીરના સોપોરે જિલ્લામાં છુરા વિસ્તારમાં પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન લશ્કરે તોઈબા સાથે જોડાયેલા એક કુખ્યાત આતંકવાદીની ધરપકડ કરી લેવામાં આવી છે. મળેલા અહેવાલ મુજબ તોઈબાનો આ આતંકવાદી છુરા વિસ્તારમાં સરપંચના આવાસની અંદર છુપાયેલો હતો જ્યાંથી તેની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા ધરપકડ કરી લેવામાં આવી હતી. આ આતંકવાદી તોઈબાનો અબુ તરીકે ઓળખાયો છે.તેની પાસેથી ઘાતક હથિયારો પણ કબજે કરવામાં આવ્યા છે જેમાં એકે ૪૭ અને દારુગોળાનો સમાવેશ થાય છે. અબુ પાકિસ્તાની નાગરિક હોવાનુંપ્રાથમિકરીતે જાણવા મળ્યુંછે. તેની ધરપકડને મોટી સફળતા તરીકે ગણવામાં આવે છે. આ ઘટનાક્રમને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવેછે. જૈશે મોહમ્મદ અને હિઝબુલ મુઝાહિદીન સંગઠનના પાંચ ખુંખાર આતંકવાદીઓ દક્ષિણ કાશ્મીરમાં સોપિયન જિલ્લામાં ભીષણ અથડામણમાં ઠાર થયા હતા. તેમની પાસેથી પણ ઘાતક હથિયારો મળી આવ્યા હતા. જમ્મુ કાશ્મીરમાં હજુ પણ મોટા પાયે ત્રાસવાદીઓ સક્રિય થયેલા છે.

ટીએમસીના વધુ ૨૯ સભ્યો ભાજપમાં સામેલ થવા તૈયાર

કોલકત્તા,તા. ૧૬

પશ્ચિમ બંગાળમાં ભાજપની તાકાત દિનપ્રતિદિન વધી રહી છે જેથી મુખ્યપ્રધાન મમતા બેનર્જીની ઉંઘ હરામ થઈ ગઈ છે. મમતા બેનર્જી તેમની પાર્ટી પર ધીમે ધીમે અંકુશ ગુમાવી રહ્યા છે. મમતા બેનર્જી કેબિનેટના રાહત અને પુનવસવાટ પ્રધાન મંજુલ કૃષ્ણા ટાકુર ભાજપમાં સામેલ થઈ

જતા મમતાનો પ્રથમ મોટો ફટકો પડ્યો છે. ઠાકુર તેમના પુત્ર સબ્રતા સાથે ભાજપમાં સામેલ થઈ ગયા છે. મમતાની ચિંતામાં વધારો થાય તેવા એક નિવેદનમાં રાજ્ય ભાજપ એકમના વડા રાહુલ સિંહાએ કહ્યું છે કે ટીએમસીના બીજા ૨૯ સભ્યો ભાજપમાં સામેલ થવાની તૈયારીમાં છે. સુત્રોએ કહ્યું છે કે મમતા કેબિનેટના બીજા એક પ્રધાન પણ રવિવારે ભાજપમાં જોડાય તેવી શક્યતા છે. મજુલે રાજીનામુ આપી દેઈ ટીએમસી સાથે છેડો ફાડી લીધો છે. ભાજપની વધતી જતી તાકાતના કારણે મમતા હેવે ચિંતાતુર બનેલા છે. પક્ષને જોરદાર પડકાર ફેંકવા માટે ટીએમસી તૈયાર છે. મંજુલની દિશામાં આગળ વ દીને અન્ય કેટલાક ધારાસભ્યો પણ સામેલ થઈ શકે છે. ટીએમસીના સભ્યો સિંહાના દાવાને હાલ રદિયો આપી રહ્યા છે પરંતુ ભાજપે જોરદાર પડકાર ફેંકવા માટેનો સંકેત આપી દીધો છે. શારદા ચીટ ફંડ કોંભાડને લઈને મમતા અને તેમની પાર્ટી ટીએમસીની ઉંઘ હરામ થયેલી છે. કેસરિયા ધ્વજને હાથમાં લીધા બાદ મંજુલે અન્ય કોઈને નહી બલ્કે મુખ્યપ્રધાન મમતા બેનર્જી પર જ પ્રહારો કર્યા હતા.

મુઝફ્ફરનગર રાહત કેમ્પમાં તીવ્ર ઠંડીથી ૨૫ના મોત થયા

મેરઠ,તા.૧૬

ઉત્તરપ્રદેશના મુઝફ્ફરનગરમાં હાલ તીવ્ર ઠંડીના કારણે કોમી હિંસા રાહત કેમ્પમાં રહેતા ૨૫ લોકોના મોત થયા છે. ઠંડીના કારણે તમામ લોકોની હાલત કફોડી બનેલી છે. ઠંડીથી બચવા માટે તેમની પાસે કોઈ વધારે સાધન નથી. ઉત્તરપ્રદેશના મુઝફ્ફરનગરમાં કેમ્પોમાં હજુ પણ ૩૫૦૦ લોકો રહે છે. અત્રે ઉલ્લેખનીય છે કે અહી અને આસપાસના વિસ્તારોમાં વિનાશકારી કોમી હિંસા ઓગષ્ટ ૨૦૧૩માં ભડકી ઉઠી હતી. હિંસાનો દોર લાંબા સમય સુધી ચાલુ રહ્યો હતો. હિંસાના દોર દરમિયાન ૫૦૦૦૦ લોકો તેમના ઘરથી અન્યત્ર ખસેડાયા હતા. હિંસામાં ૬૨ લોકોના મોત થયા હતા. અસરગ્રસ્ત લોકો માટે કેમ્પ સ્થાપિત કરવામાં આવ્યા હતા. કેમ્પમાં હજુ પણ હજારો લોકો રહે છે. જો કે ઠંડીથી બચવા માટે તેમની પાસે સાધન નથી. સામાન્ય ચૂંટણી આવી હતી અને રમખાણો દરેક લોકોના દિલોદિમાંગ પર હતા.ઉત્તરપ્રદેશમાં કોમી હિંસાને લઈને રાજકીય ગરમી પણ રહી હતી. એકબાજુ સમાજવાદી પાર્ટી સરકાર પર ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હતા. બીજ બાજુ ભાજપ પણ પણ આક્ષેપો કરવામાં આવ્યા હતા.

દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે ભાજપ મક્કમ

ભાજપ ૧૯મીએ ઉમેદવારોની યાદી જાહેર કરે તેવી સંભાવના

નવીદિલ્હી, તા.૧૬

દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત થયા બાદ તમામ પક્ષો પોતપોતાની તૈયારીમાં લાગી ગયા છે. ભાજપ દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટે ૧૯મી જાન્યુઆરીના દિવસે તેના ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરશે. ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક ૧૯મીએ મળનાર છે જેમાં વિવિધ પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવશે. સૂત્રોએ કહ્યું છે કે, ભાજપ દ્વારા ૧૯મીના દિવસે જ મોટાભાગના ઉમેદવારોની જાહેરાત કરી દેવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહના નેતૃત્વમાં ટોપના નેતાઓની આ બેઠક મળશે. જેમાં ચૂંટણી વ્યૂહરચના અંગે નિર્ણય લેવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, ભાજપ દ્વારા ઉમેદવારોની યાદી તૈયાર કરવાની કવાયત ચાલી રહી છે. ચૂંટણી પ્રક્રિયા ગઈકાલથી જ શરૂ થઈ ચુકી છે. કારણ કે, જાહેરનામુ જારી થઈ ચુક્યું છે. ઉમેદવારો ૨૨મી જાન્યુઆરી સુધી તેમના પત્રો ભરી શકશે. તમામ ૭૦ બેઠકો પૈકીની મોટાભાગની બેઠકો ઉપર ચૂંટણી લડે તેવી શક્યતા છે. તેના સાથી પક્ષ અકાળી દળ માટે પણ કેટલીક બેઠકો રાખવામાં આવશે. ભાજપે છેલ્લી વિધાનસભાની ચૂંટણીમાં ૬૬ બેઠકો ઉપર



ચૂંટણી લડી હતી અને ચાર બેઠકો અકાળી દળ માટે છોડી હતી. રાષ્ટ્રીય પાટનગરમાં સ્પષ્ટ બહુમતિ મેળવવાના ઈરાદાથી ભાજપ આ વખતે મેદાનમાં ઉતરનાર છે. છેલ્લી ચૂંટણીમાં ટૂંકા અંતરથી ભાજપ બહુમતિના આંકડા સુધી પહોંચી શક્યો ન હતો.

ભાજપે આ વખતે દેશની પ્રથમ મહિલા પૂર્વ આઈપીએસ ઓફિસર કિરણ બેદીને પણ મેદાનમાં ઉતાર્યા છે. સૂત્રોએ કહ્યું છે કે, ભાજપમાં કિરણ બેદી સામેલ થયા બાદ તેની પાસે હવે પક્ષના દિલ્હી એકમમાં એક અસરકારક ચહેરો થઈ ગયો છે. પક્ષના નેતાઓ પણ માની રહ્યા છે કે, કિરણ બેદી યુવાનો, મહિલા અને મધ્યમવર્ગના લોકોને પ્રભાવિત કરી શકશે. સર્વિસ ક્લાસ અને શીખ મતદારોને પણ પ્રભાવિત કરશે.

સમાચાર ઝલક

- ડાકોરમાં ધનુર્માસમાં એક કરોડનો ખીચડો ખવાયો.
- વાલીની વ્યાધિ વધી ગુજરાતમાં-નશાના શિકાર બનતા કિશોરો.
- તા. ૨૧મીએ ખોડલધામમાં ૫૨૧ યુગલોના સમુહ લગ્ન યોજાશે. રેકોર્ડ ઓફ ઈન્ડીયાની ટીમ આવશે.
- પૂ. મોરારીબાપુ દ્વારા મંગળવારે ૧૧ શિક્ષકોને ચિત્રકુટ એવોર્ડ અર્પણ કરાશે.
- ધંધુકા નજીક ટ્રેનની અડફેટે ટ્રેકટરના કટકે કટકા થયા.
- ઉધના-વાપી-રાજકોટ-અમદાવાદમાં ચાઈનીસ બલુનથી આગના બનાવો બન્યા.
- રાજપીપળાને કોલેરા ગ્રસ્ત જાહેર કરાયો. બે નાં મોત. કોલેરાનો વાવર.
- ભારતના ગામડાઓમાં ખરીદ શકિત ઘટી રહી છે. મંદીનો ઓછાયો.
- મતદારોને રોકડ કે અન્ય લાલચ આપનારને બે વર્ષની સજા થશે.
- ભારતમાં સોફ્ટવેરના સંશોધન માટે ઈન્ફોસીસ દ્વારા ૧૦૦ કરોડની સખાવત.
- દેશમાં પાંચ લાખ કરોડના માર્ગો બનાવવામાં આવશે.
- રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીની લાડકી દિલ્હીમાં કોંગ્રેસના ઉમેદવાર તરીકે ઝુકાવશે.
- પીળા બલ્બ ધીમે ધીમે બંધ કરાશે.
- ફ્રાન્સમાં શાર્લી મેગેઝીનની ૩૦ લાખ નકલો ખપી ગઈ.